# હાર્દિક પટેલે જળ ગ્રહણ કર્યું પણ અન્ન લેવાનો ઈનકાર

## હાર્દિકના અનશન આઠમા દિવસે જારી : અમિત ચાવડા સહિતના નેતાઓ, આગેવાનોએ હાર્દિકને મળવા પહોંચ્યા

અમદાવાદ, તા.૧

પાસ કન્વીનર હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે આઠમો દિવસ હોઈ તેનું વજન સતત ઘટવા લાગ્યું છે અને સ્વાસ્થ્ય પણ કથળી રહ્યું છે. ત્યારે આજે સવારે હાર્દિકે તા.૩૦ અને ૩૧ ઓગસ્ટ એમ બે દિવસ સુધી જળ ત્યાગ કર્યા બાદ ગઢડા સ્વામિનારાયણ મંદિરના મહંત એસ.પી.સ્વામીની ભારે વિનંતીથી હાર્દિકે હઠાગ્રહ છોડી આખરે તેમના હાથે પાણી પીધું હતું. હાર્દિકે જળગ્રહણ કરતાં પાસના કાર્યકરોની આંખો એક તબક્કે ભીની થઈ ગઈ હતી. જો કે, હાર્દિકે સ્પષ્ટ કર્યું હતું કે, તેણે ભલે જળગ્રહણ કર્યું પરંતુ તે અન્નનો એક દાણો લેશે નહી અને તેના આમરણાંત ઉપવાસનું આંદોલન ચાલુ રહેશે. હાર્દિકના આમરણાંત ઉપવાસ આંદોલનની મક્કમતા જોઈ આ પહેલા ગઈકાલે સાંજે ગઢડા સ્વામિનારાયણ મંદિરના એસ.પી. સ્વામી સહિતના આગેવાનોએ હાર્દિકને જળ ત્યાગ મૂકીને પાણી પીવાની સલાહ આપી હતી. જો કે આમ છતાં હાર્દિક ટસનો મસ થયો નહોતો, અને તેના પર વિચારણા કરવાનો સમય માંગ્યો હતો. તો બીજી તરફ રાજ્ય સરકાર તરફથી હજુ સુધી કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ મળ્યો નથી કે કોઈ અણસાર પણ ન હોવાથી આ લડત લંબાઈ શકે છે. જેના કારણે પાસના કાર્યકરો અને શુભેચ્છકો દ્વારા જો લડત ચાલુ રાખવી હોય તો પાણી પીને ઉપવાસ કરવા ભારે દબાણ કરવામાં આવ્યું છે. એસ.પી.સ્વામીએ પણ આજે હાર્દિકને જળગ્રહણ કરવાની ભારે વિનંતી કરતાં આખરે હાર્દિકે તેમની વિનંતીને માન આપી સ્વામીના હાથે જ પાણી પીધું હતુ. હાર્દિક પટેલના વિજય સંકલ્પ આમણાંત ઉપવાસના આઠમા દિવસે તેને સમર્થન આપવા ગુજરાત સહિત દેશભરમાંથી અનેક લોકો એક પછી એક તેને મળવા અને તેના સમર્થનમાં આવી રહ્યા છે, ત્યારે આજે બપોરે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા અને રાષ્ટ્રીય નેતા મધુસુદન મિસ્ત્રી પણ હાર્દિકને મળવા પહોંચ્યા હતા અને તેની લડતને ન્યાયી ગણાવી હતી. તેમની સાથે કોંગ્રેસના ધારાસભ્યો અને રાજ્યસભા સાંસદ હાજર રહ્યા હતા. દરમ્યાન ગઈકાલે જ હાર્દિકની તબિયત વધુ ખરાબ થઈ રહી હોવાના અણસાર શરૂ થતા પોલીસ અને ગુજરાત સરકાર ઉંઘતી ના ઝડપાઈ જાય એટલે પાસના અગ્રણી નિખિલ સવાણીએ લેખિતમાં સોલા પોલીસને હાર્દિકના ઉપવાસ સ્થળે ૨૪ કલાક એક એમ્બ્યુલન્સ તૈનાત કરવા જાણ કરાઈ હતી. જો કે,




પાસની આ અરજી છતાં હજુ સુધી તંત્ર દ્વારા એમ્બ્યુલન્સ હાર્દિકના નિવાસ સ્થાને આવી નહીં હોવાનું પાસ દ્વારા જણાવવામાં આવ્યું હતું. બીજીબાજુ, સરકાર વહેલી તકે માગણીઓ સ્વીકારે અને હાર્દિકના સ્વાસ્થ્ય સારૂ રહે તેવી પ્રાર્થના સાથે તેના સમર્થનમાં અમદાવાદના વસ્ત્રાલમાં સવારે રામધૂનનો કાર્યક્રમ શરૂ કરાયો હતો. તે ઉપરાંત ધૂમા, સુરેન્દ્રનગર, સુરત તથા સાબરકાંઠા, અરવલ્લી સહિતના અનેક ગામમાં પણ પાટીદારો અને ખેડૂતોના પ્રતિક ઉપવાસ-દેખાવો અને રામધૂનના કાર્યક્રમો યોજાયા હતા. હાર્દિકના સમર્થનમાં હવે ગામડે ગામડે મહિલાઓ પણ ઉતરી આવી હતી અને રામધૂનનો કાર્યક્રમ યોજી હાર્દિકને સમર્થન પૂરું પાડયું હતું, આમ હાર્દિકના ઉપવાસને હવે લોકસમર્થન મળી

## નર્મદા વિરોધી મેઘા પાટકરને હાર્દિકને મળવા ન દેવાયા

### કાર્યકરોએ નર્મદા વિરોધી વાપસ જાઓના નારા લગાવ્યા આખરે મેઘા પાટકર હાર્દિકને મળ્યા વગર જ પાછા ફર્યા

પાસના કન્વીનર હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસ આંદોલનનો આજે આઠમો દિવસ છે. ત્યારે તેના ઉપવાસના સમર્થનમાં મેઘા પાટકર પહોંચ્યા હતા ત્યારે ગ્રીનવુડના ગેટ પાસે હાર્દિકના સમર્થકોએ તેમને હાર્દિકને મળવા જતા અટકાવ્યા હતા. પાસના કાર્યકરોએ મેઘા પાટકરને બે હાથ જોડી વિનંતી કરી હતી કે, તેઓ અહીંથી પાછા જતા રહે, હાર્દિક તેને મળવા માંગતા નથી. ખુદ હાર્દિકે પણ મેઘા પાટકરને મળવાનો સાફ ઈન્કાર કર્યો હતો. એક તબક્કે વાત એટલી હદ સુધી વણસી કે, પાસના કાર્યકરોએ મેઘા પાટકરના વિરોધમાં ખેડૂત વિરોધી અને નર્મદા વિરોધી વાપસ જાઓના જોરદાર નારા લગાવીને ઉગ્ર વિરોધ કર્યો હતો. ઉપરાંત હાર્દિકના સાથી મનોજ પનારા બે હાથ જોડીને મેઘા પાટકરને રવાના થઈ જવાની વિનંતી કરતાં આખરે મેઘા પાટકરને હાર્દિકને મળ્યા વિના જ પાછા ફરવાની ફરજ પડી હતી. નર્મદા આંદોલનકારી મેઘા પાટકરે ગ્રીનવુડ ગેટ પાસે જણાવ્યું હતું કે, હાર્દિકના ઉપવાસ અંગે મને કંઈ જાણ નથી. કારણ કે છેલ્લા ૧૦ દિવસથી હું કેરળમાં હતી. પરત આવ્યા બાદ અહીંથી ફોન આવ્યો હતો તેથી હું પણ ખેડૂતોની સમર્થક હોવાથી હાર્દિક પટેલના આંદોલનને ટેકો આપવા આવી છું. જો કે, પાસના કાર્યકરોએ મેઘા પાટકરને હાર્દિક સુધી જતા અટકાવ્યા હતા. પાસના કાર્યકરોએ ખાસ કરીને હાર્દિકના સાથી મનોજ પનારાએ મેઘા પાટકરને બે હાથ જોડીને વિનંતી કરી હતી કે, તેઓ મહેરબાની કરીને અહીંથી જતા રહે. જો કે, પાટકરે હાર્દિકના ખબરઅંતર પૂછવાની અને તેણી તેના ઉપવાસ આંદોલનમાં સમર્થનમાં હોવાની હિમાયત કરી હતી. જો કે, પાસના કાર્યકરોનો રોષ વધતો જતો હતો. થોડીવારમાં તો, મેઘા પાટકર મીડિયા સાથે વાત કરી રહ્યા હતા તે દરમ્યાન જ પાસના રોષે ભરાયેલા કાર્યકરોએ ખેડૂત વિરોધી અને નર્મદા વિરોધી વાપસ જાઓના જોરદાર નારા લગાવવાના શરૂ કર્યા હતા. મેઘા પાટકર વિરોધી નારા લગાવી પાસના કાર્યકરોએ હાર્દિકની ઉપવાસ છાવણીનું સ્થળ ગજવી મૂકયુ હતું.



ખુદ હાર્દિકે પણ મેઘા પાટકરને નહી મળવાનું મુનાસીબ માન્યુ હતું. દરમ્યાન મેઘા પાટકરને હાર્દિકની અનિચ્છાની જાણ કરવામાં આવતાં અને સમજાવવામાં આવતાં આખરે મેઘા પાટકર તેમના કાર્યકરો સાથે હાર્દિકને મળ્યા વિના જ પરત ફર્યા હતા. જો કે, આ ઘટનાને લઈ હાર્દિકના ઉપવાસ સ્થળે થોડીવાર માટે મામલો ગરમાયો હતો.





## હાર્દિક પટેલના સમર્થનમાં પ્રાંતિજના ઓરાણ ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ

હાર્દિક પટેલ દ્વારા અમદાવાદ ખાતે આમરણાંત ઉપાસ ચાલુ કર્યા છે ત્યારથી રાજય સહિત જિલ્લાઓ તાલુકાઓમાંથી હાર્દિક પટેલને સમર્થન મળી રહ્યું છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામા પણ એક પછી એક ગામોમાંથી સમર્થન મલી રહ્યું છે ત્યારે પ્રાંતિજના ઓરાણ ખાતે પણ સમર્થનને લઈને પ્રતિક ઉપવાસ રામધૂન ભજન કિર્તનના કાર્યક્રમો યોજાયા હતા. પાટીદારોને અનામત અપાવવા તથા ખેડૂતોના દેવા માફીની માંગને લઈને આમરણાંત ઉપવાસ આંદોલન ચલાવતા હાર્દિક પટેલના સમર્થનમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાઓમાંથી સોનાસણ, ધડકણ, બાલીસણા અને આજે આઠમાં દિવસે ઓરાણ ખાતે પાટીદારો યુવાનો મહિલાઓ દ્વારા ગામમાં આવેલ મંદિર ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ સાથે રામધૂન ભજન કિર્તનનો કાર્યક્રમો યોજાયા. દિવસે ને દિવસે પાટીદારો દ્વારા એક પછી એક જીલ્લાઓ તાલુકાઓ અને ગામડાઓમાંથી સમર્થન મળતાં આંદોલન ફરી વેગ પકડ્યો છે ત્યારે હાલ તો જીલ્લા સહિત તાલુકાઓના પાટીદારો દ્વારા એક પછી એક હાર્દિક પટેલને સમર્થન આપી રહ્યાં છે. ત્યારે રાજય સરકાર સામે દિવસે ને દિવસે આક્રોશ વધતો જાય છે ત્યારે આવનાર દિવસમાં સરકાર આંદોલનની મૂળભૂત માંગણીઓને તથા ખેડૂતોના દેવા માફી સહિતની માંગણીઓને સ્વીકારવામાં નહીં આવે તો પાટીદાર આંદોલન વધુ ઉગ્રપણે થશે તેવી હાલ તો દહેશત જોવા મળી રહી છે.





## ડીસાની સિવિલ હોસ્પિટલના તબીબની બદલી થતાં દર્દીઓના ધરણા

ડીસા ખાતેના સરકારી હોસ્પિટલના એક તબીબ ની બદલી થતા દર્દીઓ ધરણા પર બેસી ગયા છે અને તબીબ ની બદલી ના અટકે તો તો આત્મવિલોપનની પણ ચીમકી ઉચ્ચારી છે. સામાન્ય રીતે લોકો સરકારી હોસ્પિટલમાં સારવાર માટે જવાનું ટાળતા હોય છે પરંતુ બનાસકાંઠાની ડીસા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે લાઈનો લાગે છે એનું એક માત્ર કારણ છે ડો. ખાન . ડો ખાન ડીસા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૨ વર્ષ થી સેવા આપી રહ્યા છે તેવામાં સરકાર દ્વારા કરાયેલી ૪૧ બદલીઓમાં ડો.ખાનની પણ બદલી કરાતા દર્દીઓમાં રોષ વ્યાપી ગયો છે એટલુંજ નહીં પણ તેમની બદલી થઈ હોવાની જાણ થતાં જ તમામ દર્દીઓ પથારી છોડી બહાર દોડી આવ્યા હતા અને હોસ્પિટલનો દરવાજો બંધ કરી ધરણા પર બેસી ગયા હતા બાટલો ચડાવેલો હોય તેવા સિરિયસ દર્દીઓ પણ બહાર આવી ધરણા પર બેસી ગયા હતા અને જો ડો. એમ.એચ.ખાન ને પાછા ડીસા સિવિલમાં નહીં મુકાયતો આત્મવિલોપન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. હાલમાં ડીસા સિવિલ હોસ્પિટલમાં રોજના ૭૦૦ જેટલા દર્દીઓ આવે છે અને મોટાભાગના દર્દીઓની ડો.ખાન પ્રેમ પૂર્વક, લાગણી સાથે સારવાર કરતા હોઈ અચાનક તેમની બદલી થતા દર્દીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે સિવિલ સુપરિટેન્ડન્ટે પણ આ મામલે સરકારમાં જાણ કરી ઉચ્ચ સ્તરે રજુઆત કરવાની વાત તૈયારી દર્શાવી હતી.

## પાલનપુરમાં જુગટુ રમતા સાત શકુનિઓ ઝડપાયા

પાલનપુર, તા. ૧

પાલનપુર શહેર પૂર્વ પોલીસને હરિજન કોલોની વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જે આધારે પૂર્વ પોલીસે રેડ કરતા ત્રણપત્તિનો જુગાર રમતાં સાત શકુનિઓને રૂ. ૧૮,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. પાલનપુર શહેરની હરિજન કોલોની વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસ મથકની ટીમે રેડ કરી હતી. જ્યાં ત્રણ પત્તિનો જુગાર રમતાં સાત જુગારીયાઓ ઝડપાયા હતા. જેમની પાસેથી રોકડ રૂ. ૬,૨૦૦, રૂપિયા ૧૨,૫૦૦ના મોબાઈલ નંગ ચાર મળી કુલ રૂપિયા ૧૮,૭૦૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો.



## ડીસાના લોધા ફાર્મમાં નગપંચમીનો યજ્ઞ યોજાયો

ગત શુક્રવારે નાગ પંચમીની ઉજવણી પ્રસંગે વિવિધ સ્થળે બિરાજમાન ગોગ મહારાજના મંદિરોમાં યજ્ઞ સહિતના કાર્યકમો સંપન્ન થય હતા ત્યારે ડીસાથી ઢુવા તરફ જતા રોડ પર આવેલ શાંતા ફાર્મ હાઉસ ખાતે પણ બાબુલાલ લોધા પરિવાર દ્વારા નાગ પંચમી નિમિતે યજ્ઞનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે લોધા સમાજના અગ્રણીઓ તેમજ આશિયા પરિવારના ભાવિકોએ મોટી સંખ્યામા ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લીધો હતો.

## પાલનપુરમાં યુવતી પર એસીડ એટેકની ધમકી

પાલનપુર શહેરમાં શાળા-કોલેજે જતી છાત્રાઓને રોમિયો દ્વારા થતી પજવણીની વ્યાપક ફરિયાદો વચ્ચે પાલનપુરમાં એક સરફિરા મજનું દ્વારા છાત્રા પર એસિડ એટેક કરવાની ધમકી અપાતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમાં સડકછાપ રોમિયોની રંજાડનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં પાલનપુર ખાતે કોઝી કોમ્પલેક્ષની પાછળના વિસ્તારમાં રહેતા પરિવારની છાત્રા શાળા તેમજ ટયુશન જતી હતી. તે સમયે દિલ્હીગેટ માળીવાસ વિસ્તારમાં રહેતા સાજનભાઈ પ્રવિણભાઈ ઉર્ફે કકુલભાઈ ઠાકોર અવાર-નવાર છાત્રાનો પીછો કરી બિભત્સ ચેનચાળા કરતો હતો. અને તુ મને નહી સ્વિકારે તો તારા ઉપર એસીડ નાંખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે તેણીએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે સાજનભાઈ ઠાકોર સામે ગૂનો નોંધી પીઆઈ પી. એચ. વસાવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## પાલનપુર નગરપાલિકામાં નગરસેવક અને કર્મચારી વચ્ચે તું... તું...મેં... મેં...

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા સતત વિવાદોના વમળમાં રહી અખબારોની સુરખીઓમાં છવાતી રહે છે. કમિટી વિવાદ હજી માંડ થાળે પડ્યો છે. ત્યારે એક ભાજપી નગરસેવક અને કર્મચારી જાહેર માં બાખડી પડતા બંને વચ્ચે તું..તું...મેં..મેં થતા ચકચાર મચી ગઈ હતી. જોકે, નગરસેવકે કર્મચારીને લાફો ઝીંકી દીધો હોવાની વાતોથી પાલિકા પરિસર ગુંજી ઉઠ્યું હતું.

પાલિકામાં ચર્ચાની એરણે ચડેલી વિગતો મુજબ, વોર્ડ નં.૨ ના ભાજપી નગરસેવક તેમના વોર્ડમાં સફાઈ કેમ થતી નથી તેમ કહેવા જતાં કર્મચારી તેમની સાથે ઉદ્ધત વર્તન કરતા બંને વચ્ચે શાબ્દિક ચડસા-ચડસી થતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. જોકે, અન્ય કર્મચારીઓએ મામલો થાળે પાડ્યો હતો.

વિવાદોની પર્યાય બનેલી ભાજપ શાશિત પાલનપુર નગરપાલિકામાં કમિટી વિવાદ શમ્યો ત્યાં નવો એક વિવાદ સામે આવ્યો છે. જેમાં વોર્ડ નં.૨ ના ભાજપી નગરસેવક વિપુલ રાવલ સેનિટેશન વિભાગના સબ સુપરવાઈઝર નિકુલ રાવલ વચ્ચે હૂંસાતુંસી થતાં ઉત્તેજના પ્રસરી હતી. બંને વચ્ચે જાહેરમાં શાબ્દિક ટપાટપી થતાં અન્ય કર્મચારીઓ એકત્ર થઈ ગયા હતા. અને બન્નેને સમજાવતા આખરે મામલો થાળે પડ્યો હતો. આમ, ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં સરેઆમ શિસ્તના ધજીયા ઉડી રહ્યા છે. જેને પગલે ભાજપનો વહીવટ વગોવાઈ રહ્યો હોવાની છાપ ઉપસી રહી છે.

## કલોલ આઈ.ટી.આઈની વિવિધ ટ્રેડોની ખાલી બેઠક પર પ્રવેશ મેળવવા જોગ

સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા, કલોલ ખાતે ચાલતાં વ્યવસાયના ટ્રેડોમાં ત્રીજા પ્રવેશ રાઉન્ડનાં અંતે ખાલી રહેલ વ્યવસાયમાં બેઠકો પર પ્રવેશ મેળવવા માટે, પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ ફોર્મ ભરવા તેમજ રજીસ્ટ્રેશનની કાર્યવાહી તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન નિયમિત સાંજના ૬ કલાક સુધી કરી શકાશે.

## ગાંધીનગર જિલ્લામાં પોષણ માસની ઉજવણીનો આરંભ

રાજયભરના દરેક જિલ્લાઓમાં ૧ સપ્ટેમ્બર, ૧૮થી સમગ્ર માસ દરમ્યાન પોષણ અભિયાન અંતર્ગત જન આંદોલન સંકળાયેલ રાજય સરકારના તમામ વિભાગોના સંકલન દ્વારા જન આંદોલન સ્વરૂપે સક્રિય પ્રયાસો હાથ ધરી કુપોષણમાંથી ગાંધીનગર મહિલા અને બાળ વિકાસ વિભાગ વિવિધ ઉત્કર્ષ યોજનાઓનું ગાંધીનગર જિલ્લામાં સઘન અમલીકરણ કરવા સહિયારા




દ્વારા કુપોષણ મુક્ત અભિયાન હેઠળ વિવિધ વિભાગો દ્વારા સઘન પ્રયાસો હાથ ધર્યા છે. ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરીએ દીપ પ્રગટાવી પોષણ અભિયાનનો પ્રારંભ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી હિતેષભાઈ કોયાએ જણાવ્યું હતું કે, બાળકોના પોષણ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જિલ્લો મુક્ત બને તે માટે અને કુપોષિત બાળકોમાં ઘટાડો થાય અને તેમની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે પોષણ સેમિનાર, યુવા શક્તિ રેલી, મમતા દિવસ, બાળતુલા દિવસ, આંગણવાડી કેન્દ્રોમાં સ્વચ્છતા અભિયાન, પ્રભાત ફેરી, આરોગ્ય તપાસ, અન્ન પ્રાશન અને લોક જાગૃતિ કાર્યક્રમો યોજાશે. પ્રયાસો હાથ ધરાશે. ગાંધીનગર જિલ્લા પંચાયત હોલ ખાતે પોષણ માસની ઉજવણી પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારી હિતેષભાઈ કોયાએ જિલ્લા પંચાયતના તમામ અધીકારી અને કર્મચારીઓને પોષણ અભિયાન અંગે શપથ લેવડાવ્યા હતા.

## તન દુરસ્તી ● ચોથા પાનાનું ચાલું

સહેલું અને તરત જ ખબર પડી જાય છે. શાંતાબહેને કહ્યું લેબોરેટરીવાળાએ મને સમજાવ્યું કે પેપરટોમેટોગ્રાફીમાં ઘણી વખત ફોલ્સ પોઝેટીવ અથવા તો ફોલ્સ નેગેટીવ પરિણામ આવી શકે છે. જ્યારે એલાઈઝામાં લગભગ સાચું જ પરિણામ આવતું હોય છે. એટલે સરકારે એલાઈઝાને વધારે સચોટ કહ્યું છે. અચ્છા એમ વાત છે કમુબહેને કહ્યું. હવે જ્યારે લેબોરેટરીમાં જઈશ અને ભગવાન ન કરે ક્યાં અમારે ડેન્ગ્યુનો ટેસ્ટ કરાવવો પડે પણ જરૂર પડશે ત્યારે એલાઈઝા ટેસ્ટ જ કરાવીશ. આવું સરકાર પણ કહે છે અને સારા ડૉક્ટરો પણ કહે છે.

ડેન્ગ્યુના વાઈરસનું એન્ટીજન અને એના જેવાં બીજા વાઈરસનું એન્ટીજન પણ એલાઈઝામાં બતાવે છે. એટલે કે એલાઈઝા વધારે સચોટ હોય છે. એ જ રીતે પીસીઆર ટેકનિકમાં બરાબર ડેન્ગ્યુના એન્ટીજનનો જ ટેસ્ટ થતો હોય છે પણ ખૂબ જ ઓછી લેબોરેટરીમાં આ સગવડ છે અને જેમાં ટાઈમ બાર થી અઢાર કલાક લાગતો હોય છે.

## ચિલોડા ખાતે વાહનચાલકની અડફેટથી ઈજાગ્રસ્ત વાછરડાની જીવદયાપ્રેમીઓ દ્વારા સારવાર

ચિલોડા, તા. ૧

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકેથી ચિલોડા-હિંમતનગર, અમદાવાદ-દહેગામ સાદરા તરફ જતા જાહેરમાર્ગો પર અસંખ્ય વાહનોની અવરજવરથી ભારે ટ્રાફિક સમસ્યાની સાથે જાહેર માર્ગો પર રખડતા અબોલ પશુઓના અડીંગાથી અકસ્માતોના પ્રશ્ન વધુ વિકટ બન્યા છે. ચિલોડા સર્કલની આસપાસ અબોલ રખડતા ગાયોના વાછરડા પૂરઝડપે આપતાં વાહનોની અડફેટથી અવારનવાર ઈજાગ્રસ્ત થતાં દયનીય સ્થિતિ સર્જાય છે. હિન્દુ ધર્મના ગાયને લોકમાતાના રૂપે પૂજનીય ગણાય છે. ગાયને ૩૨ હજાર કરોડ દેવ-દેવીઓનું સ્થાનરૂપે પૂજનીય અને વંદનીયરૂપે સ્વીકાર્યું છે. ગાયોના ગોવાળિયા એવા કૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક ઉજવાય છે. ત્યારે ચિલોડા વિસ્તારમાં નેશનલ હાઈવે ૮ પર અબોલ ગાયના વાછરડાને પૂરઝડપે દોડતા ખાનગી વાહનચાલકો દ્વારા અડફેટે લઈ ઈજા પહોંચાડી રફુચક્કર થઈ જતાં પશુ દયનીય સ્થિતિ મુકાઈ જતાં જીવદયાપ્રેમીઓને દયા આવતાં ઈજાગ્રસ્ત વાછરડાને બચાવવા એક જાગૃત મહિલાએ પશુની સારવાર કરતા પશુચિકિત્સકોને ફોન કરતાં ડૉ. હિમાંશુ આર. પટેલ છાલા, ડૉ. આશિષ બી. પટેલ, વાસન, ડૉ. એમ.આર. બારડ, ધણપ તથા મધુરડેરીના ડૉ. હરેશ સુથારની ટીમ ઘટનાસ્થળે આવી ઈજાગ્રસ્ત વાછરડાને દવા અને પાટાપીંડી કરી તુરતજ સારવાર આપી હતી. આ દરમ્યાન પોલીસકર્મી તથા હોમગાર્ડઝના જવાનો અન્ય જીવદયાપ્રેમી મદદે આવી દયાભાવ વ્યક્ત કર્યો હતો.



## પૂજ્ય તરૂણસાગર મહારાજ સાહેબને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પૂજ્ય તરૂણસાગર મહારાજ સાહેબના અવસાન અંગે શ્રદ્ધાંજલી પાઠવી છે. ''પૂજ્ય તરૂણસાગર મહારાજ સાહેબ જૈન સમાજના પ્રભાવી સંત હતા અને તેમણે ક્રાંતિકારી વિચારો-તપશ્ચર્યાથી સમાજનું માર્ગદર્શન કર્યુ છે તે સદાય ચિરંજીવ રહેશે'' એમ મુખ્યમંત્રીએ શ્રદ્ધાંજલી પાઠવતા ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ સમગ્ર ગુજરાતની જનતા-જનાર્દન વતી તરૂણસાગર મહારાજ સાહેબને ભાવાંજલી આપતાં કહ્યું કે, પોતાના કડવા પ્રવચનોથી સમાજને કડવી દવા પાઈને તંદુરસ્ત સદમાર્ગી બનાવવાની તેમની ખ્યાતિ હતી.